શ્રી

(લોકપ્રિય)

ધર્મામૃત.

પ્રથમ બિંદુ.

ઘણા સુધારા વધારા સાથે પ્રગટ કરેલી આવૃત્તિ બીજી.

પ્રત ૩૦૦૦

રચીને છપાવનાર

માસ્તર પુરુષોત્તમ કુંવરજી પટેલ.

સુરત, ભાગા તળાવ,

આ ધર્મામૃત મુંબઇમાં નં. ૯૩ ચીંચપોકલી, પરેલ રોડ પર
લેડી નૉર્થ કોટ હિંદુ ઑર્ફનેજ ટે. એન. સેલર પ્રેસમાં
ભાણજી દેવચંદ મહેતાએ છાપ્યું છે.

મૂલ્ય આના બે.

ધર્મામૃત.

પ્રથમ બિંદુ.

विद्या विवादाय धनं मदाय शक्तिःपरेषाम् परिपीडनाय
खलस्य साधोर्विपरीतमेतद् ज्ञानाय दानाय च रक्षणाय॥

ભાવાર્થ:—

ખલ પુરૂષોની વિદ્યા તકરારને અર્થે હોય છે; તેઓનું ધન ગર્વને માટે હોય છે; અને તેઓની શક્તિ અન્યજનોને દુઃખ દેવાને હોય છે. ત્યારે સત્પુરૂષોની વિદ્યા જ્ઞાનને ફેલાવવાને હોય છે; તેમનું ધન દાનને માટે હોય છે અને તેઓની શક્તિ ગરીબોના રક્ષણને માટે વપરાય છે. આવો વિદ્યા, ધન અને શક્તિનો વાપર દુર્જન અને સજ્જનમાં જુદી જુદી રીતે છે.—યોગ્યતા પ્રમાણે વાપર થાય છે.

મૂલ્ય આના બે

લખનાર
ધર્મોદયનો આકાંક્ષી.
માસ્તર પુરુષોત્તમ કુંવરજી પટેલ.
ગ્રંથ-કર્તા.

अर्पण पत्रिका.

सुज्ञ धर्माभिलाषि मुमुक्षुजनो !

ધર્મ બાબતનો આ અલ્પ પ્રયત્ન સેવામાં રજુ કરતાં આ શ્લોકમાં કહ્યા અનુસાર થએલી કોયલની અવગણનાને પાત્ર હું ન થઉં તે માટે વિનતિ છે.

अस्यां सखे बधिरलोकनिवासभूमौ
किं कूजितेन खलु कोकिल कोमलेन ।
एते हि दैवहतकास्तदभिन्नवर्णम्
त्वां काकमेव कलयन्ति कलानभिज्ञः ॥

ભાવાર્થ:—

હે પ્રિયે કોયલ ! આ બહેરા લોકોને રહેવાના સ્થાનમાં તારો મધુર અને કોમળ ટૂહૂટૂહૂ સ્વર શા અર્થ છે ! એ નસીબના ફૂટેલા, અજ્ઞાની અને અરસિક મૂર્ખાઓ તારો અને કાગડાનો રંગ મળતો હોવાથી તને કાગડોજ ધારે છે ! ! !

તેમજ આજકાલ પ્રગટ થતાં અનેક પુસ્તકોમાંથી યોગ્ય અયોગ્યની પરીક્ષા કરી કદર બુઝવાનું કામ ગુણજ્ઞ વાચકોનું છે. આ પુસ્તક ધર્મ સંબંધે હોવાથી ધર્મવીરો એની કદર બુઝશે એવી આશા છે. એના વડે ધર્માકાંક્ષીજનોને કાંઇપણ સહાયતા પ્રાપ્ત હો એવી શુભ ઇચ્છાથી અત્ર વિરામું છું

सुज्ञेषु किम् बहुना ।

ગુણવાનને વધારે કહેવાની શી જરૂર.

लि० आपनो

लेखक.

દ્વિતીય આવૃત્તિનો ઉલ્લેખ.

ધર્મામૃત (પ્રથમબિંદુ) ની આ **બીજી આવૃત્તિ**, મારા પ્રિયવાચકોના હાથમાં મૂકતાં, ગર્વાનંદ સાથે જણાવવાની રજા લઉંછું કે, આ પુસ્તકની પહેલી આવૃત્તિ ટુંક મુદતમાં ખલાસ થઇ જવાથી, આ બીજી આવૃત્તિ બહાર લાવવામાં હું ઉત્તેજિત થયો છું; જે ઉપરથી ગુર્જર બાઇઓની ધર્મ ઉપરની અભિરૂચી નિઃસંશય સાબીત થાય છે. સત્યધર્મની શોધમાં તેઓ શિથિલ નથી પણ ઉધુક્ત છે એ નક્કી થયું છે. અને યોગ્યતાની કદર બુઝવામાં તેઓ પાછળ પડે એમ નથી એપણ જણાયું છે. ઉપરાઉપરી થતી માગણીના સબબે, બીજા બિંદુની સર્વ તૈયારી છતાં, તેને રહેવાદઇ આને છાપવાનું કામ આગળ ધરવું પડયું છે; એ ઉપરથી આ પુસ્તક કેવું **લોકમાન્ય** નીવડયું છે તેનો ખ્યાલ થઇ શકશે.

પુસ્તકનું કદ નાનું રાખવાનું ખાસ કારણ તે સર્વ વર્ગમાં પ્રસાર પામે કે જેથી ઘણા લોકો તેનો લાભ લઇ શકે એ છે છતાં જેમ બને તેમ તે સારા રૂપમાં વાચકોના હાથમાં મૂકવાની મારી ખાયસ હોવાથી કાગળ, છપાઈ, ભાષા અને દેખાવ જેમ બને તેમ સારા રાખવામાં આવ્યાં છે જેથી કિમતમાં થએલા સહેજ વધારા તરફ વાચકો ન જોશે એવી આશા છે. લોકોમાં આવા વાચનની ખાએશ છે એમ જણાયું છે. અને તમારા તરફથી સત્કાર પામતો હું બીજું બિંદુ વેળાસર તમારી સમક્ષ રજુ કરી મારી જાતને ભાગ્યશાળી માનીશ. જગદીશ, વાચક વૃંદની માનસિક ઉન્નતિમાં સહાય ભૂતહો, એવી મારી પ્રાર્થના છે. **सर्वे जनाः सुखिनो भवन्तु ।**

૫ સમાધિ, માયા રહિત પરમ સુખમય સ્થિતિ

આદર્શ.

ચાલુ વખતમાં ધર્મની બાબતમાં માણસોનું ઘણું અલક્ષ જણાય છે. તેઓ હમેશાં ગુજરાનના સાધનમાંજ મશગુલ રહી પરમ દૈવતરૂપ ધર્મને ભુલી જાય છે. વળી કેટલેક પ્રસંગે જાણવા છતાં તેવું વર્તન જોવામાં આવતું નથી એ પણ ખેદ કર્તા છે. ત્યારે તેવા માણસોનું જાણેલું નકામુંજ છે. જેમ ગધેડાના ઉપર ઈંટ લાદી હોય અથવા ચંદન લાદ્યું હોય તે તેને બેઉ બોજારૂપ છે. ચંદનનો સુગંધ રૂપ રૂડો ઉપયોગ તે કરી જાણતો નથી. તેમજ જાણવા છતાં તે પ્રમાણે નહિ વર્તનારે તે જાણવાની વેઠજ કરી છે. માટે ધર્મની બાબતમાં બોલવા કરતાં વર્તવાની જરૂર વિશેષ છે. અને કહેણી તેવી રહેણી રાખવા હમેશાં કાળજી રાખવી જોઈએ.

ધર્મથી ચારે પુરૂષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સિદ્ધ કરી શકાય છે. તેમજ ધર્મના પાલનથી અષ્ટસિદ્ધિ પણ હાજર રહે છે. અને મનોવાંચ્છના ફલિભૂત થાય છે. એટલા માટે કલ્યાણને ચહાનારાએ ધર્મને બહુ કાળજીથી પાળવો જોઈએ.

માયિક સુખો દુઃખનાં આપનારાં છે. અને તે અનિત્ય છે. તેનો વિજોગ થવાથી કેવળ દુઃખ સિવાય બીજું કાંઇ મળતું નથી. માટે તેમાંથી મનને ખેંચી લઇ હમેશાં આનંદ, શાંતિ અને સુખ આપનારા ધર્મને આગ્રહથી સેવવો જોઇએ.

આ ધર્મામૃતનો લાભ થોડું ભણેલા પણ લઈ શકે એવી શુભ ઇચ્છાથી તે કેવળ સહેલી અને સર્વને સમજાય એવી ભાષામાં લખવામાં આવ્યો છે. તેથી તેનો ઉપયોગ બહોળો થશે એવી ઇચ્છા છે. 'ઉતાવળા તે બાવરા ને ધીરા તે ગંભીર' માટે આને વાંચવામાં ઉતાવળ ન કરતાં બરાબર મન રાખીને અને સમજીને વાંચવાની કાળજી રહેશે તો એમાં રહેલું રહસ્ય અથવા તત્ત્વ સમજાઇ પરમ શાંતિ મળશે.

આ ધર્મામૃતનો પોતપોતાની સવડ પ્રમાણે જો નિત્યપાઠ થશે તો તેથી મનોવૃતિ શુદ્ધ થઈ, આત્મસંયમ પ્રાપ્ત થઈ, મનઃસ્થિરતા મેળવી સર્વ સારાસાર સમજી આખરે પરમ વિજયને પામશે. એમાં લગારે શક નહિ. અને ભવજળને તરવાને સમર્થ થશે.

ધર્મરૂપ કલ્પવૃક્ષને તજી મૂર્ખ હોય તેજ વિષવેલીને સિંચે; માટે સર્વ આત્મકલ્યાણના દાતા ધર્મને સેવવો જરૂરનો છે. તેથીજ મનુષ્યનું મનુષ્યત્વ સિદ્ધ થાય છે. અને શાંતિરૂપી પરમ શીતળવેલીની ઘટામાં આપણા સર્વ સંસારી દુઃખો વિસારે પડી જાય છે. માટે હજાર કામને છોડી ધર્મને સેવવો.

द्वे द्वे लोचनसर्वेषाम् विद्यानां त्रीणिलोचनम् ।
सत्पलोचनधर्माणाम् ज्ञानिनोऽनंतलोचना ॥

ભાવાર્થ:—

બે આંખ તો સર્વને છે કે જે વડે માત્ર બહારનું જગત્ દેખાય છે. વિદ્વાનને એટલે ભણેલાને સદ્બુદ્ધિરૂપી ત્રીજી આંખ વધે છે કે

જે સારાસાર, વાજબી–ગેરવાજબી સમજી શકે છે. **ધર્મ પાળનારાને** સાત આંખ છે. અને જ્ઞાની–**ધર્મ** જ્ઞાનીને તો અપાર આંખ છે.

આવું ધર્મનું મહત્વ છે. માટે ભાઇઓ ધર્મ પાલનમાં દ્રઢ થાઓ દ્રઢ થાઓ, એનો નાશ થયો તો સર્વનો નાશ થશે ને એ સચવાશે તો પરમ અક્ષય સુખશાંતિ સચવાશે.

માટે ધર્મપાલનમાં દ્રઢ હો ! **તથાસ્તુ.**

ધર્મ એટલે કંઇ નહાવું, ધોવું અને સ્વચ્છ રહેવું તથા ટીલાં ટપકાં કરવાં એમ નહી. પરંતુ ધર્મ એટલે તો આ માનવ શરીરમાં સદ્દગુણનો સંચય થવો તે. જેમાંના કેટલાક સદ્દગુણોનું મહત્વ તથા તે મેળવવાની સમજ એક પછી એક આ નાનકડા ગ્રંથમાં દાખલ કરવામાં આવ્યાં છે. જેના અભ્યાસથી વાચકવર્ગ નિ:સંશય લાભને પ્રાપ્ત હો ! એવું ઇચ્છું છું.

વળી **परोपकाराय सतां विभूतयः ।** સત્પુરૂષોની સંપત્તિ હમેશાં પરોપકારને માટેજ હોય છે, એ ઊત્તમ વાક્ય અનુસાર પોતે ધર્મામૃત પી બીજાને પાવાને ઊલટ રાખશો. તોપણ તમે પરોપકાર કર્યો એમજ ગણાશે. આંગળી દેખાડવા જેટલું પણ પુન્યજ છે.

લી૦

ધર્મ વિષયે તમારી વૃદ્ધિને ઇચ્છનાર.

પુરુષોત્તમ કુંવરજી પટેલ

ગ્રંથ–કર્તા.

ધર્મામૃત.

પ્રિય વાચક વર્ગ, આથી હું તમને ધર્મ કે જે મનુષ્ય જન્મ ધર્યાનું સાર્થક છે તે સંબંધે થોડુંક કહેવાની ઇચ્છા રાખું છું. પામરજનો ઇંદ્રિયના સુખોમાં રાત દહાડો રચીપચી રહી અનેક તૃષ્ણાથી પીડાયા કરે છે, અનેક સુખો ભોગવવા છતાં એ અપાર તૃષ્ણાનો પાર આવતો નથી અને તેથી કેવળ દુઃખ સિવાય બીજું કંઇજ મળતું નથી. માટે દુનિયાના દુઃખોથી મુકત થવા જેનો વિચાર હોય તેણે અક્ષય સુખદાતા ધર્મનું પરિપાલન કરવું જોઇએ **विना धर्म मनुष्याणाम् न जायते शुभं क्वचित्**। ધર્મ વિના માણસનું કોઇ કાળે ભલું થતું નથી. માટે નાશવંત એવા સંસારના ક્ષણિક સુખો માટે જ્યારે આપણે દિવસના ચોવીસે ચોવીસ કલાક ગાળવા મંડીએ છીએ ત્યારે પરમસુખનો દાતાર જે ધર્મ તેની પ્રાપ્તિને માટે આપણે શા માટે બેદરકાર રહેવું જોઇએ. એવા પરમશ્રેષ્ઠ કલ્યાણકારી અને જન્મ મરણના ભયને નિવારનાર ધર્મ માટે દરેક માણસે દરરોજ ઓછામાં ઓછા બે ત્રણ કલાક શા માટે ન મેળવવા? અવશ્ય પોતાનું ભલું ઇચ્છનાર માણસની ફરજ છે કે તેણે દરરોજ થોડો પણ વખત ધર્મ કાર્ય માટે ફાજલ પાડવો જોઇએ. જે માણસ એ પંથે વળે છે તેને રફતે રફતે વધારે ને વધારે વખત ધર્મ માટે રોકવાનું વલણ થતું જાય છે. અને તેની દૃઢ ઇચ્છા હશે તો તેવી સવડતા પણ તેને મળતી જાય છે. માટે એકવાર તમારે ધર્મ પાળવાને ઇચ્છવું જોઇએ. હવે ત્યારે સહજ સવાલ થાય કે એ ત્રણ

ચાર કલાક શું કાર્યમાં ગાળવા? કે જેથી તે ધર્મ અર્થે ગાળ્યા કહેવાય. તો કે ધર્મ સંબંધી પુસ્તકો વાંચવાં, નીતિ સંબંધી પુસ્તકો વાંચવાં, સત્પરૂષોનો સમાગમ કરવો, સંધ્યા વંદન ઇત્યાદિ ધર્મ કાર્ય કરવાં કે જેથી તન અને મન શુદ્ધ થઇ સદ્ગુણનો સંગ્રહ થાય અને દુર્વાસનાનો ક્ષય થાય. જ્યારે આપણું મન દુર્ગુણની વાસનાથી તદન અલગ રહેતું થાય ત્યારે જાણવું કે આપણે ધર્મના સંબંધનું એક ઘણું જરૂરી પગલું સાધ્ય કર્યું છે. મન શુદ્ધિ સર્વથી વિશેષ અગત્યની છે. મન વડેજ આ સંસાર તરાય છે. અને આવાગમનનો અથવા ફરી ફરીને જન્મવાનો ભય મટે છે. **मन एव मनुष्याणाम् कारण बंधमोक्षयोः ।** મનજ માણસને દુઃખ આપનારૂં અને મનજ માણસને સુખ આપનારૂં છે. માટે હરકોઈ કળાએ કરી, હરકોઇ યુકિતથી એ મનને મારતાં શીખવું જોઇએ. એ મનથીજ આપણે પરમ સદ્ગતિ પ્રાપ્ત કરી શકીએ અને એ મનથીજ આપણે વારંવાર આ દુઃખકારી સંસારના ચક્રમાં ભમ્યા કરીએ. એમાં મનનો દોષ કંઈજ નથી. આપણે એને શુભ રસ્તે વાળીએ તો એ તેમાં આનંદ માને છે, અને જો દુર્વાસનામાં એને ડુબાવીએ તો તે એમાં મશગુલ રહી આપણને અતિ નીચપણામાં નાંખી દેછે. માટે પુરૂષાર્થથી મન મારવાની ટેવ પાડવી જોઇએ. આપણને નિરંતરના સહવાસથી એટલા બધા દુર્ગુણો વળગ્યા છે કે અપણે સત્ય માર્ગને જોઇ શકતા નથી. સંસાર રૂપી નદીમાં દુર્ગુણ રૂપી પાણીનું એટલું બધું ખેંચાણ છે કે તે આપણને પેલેપાર જવા ન દેતાં અધવચ ગબડાવી પાડી આવાગમનના સમુદ્રમાં ખેંચી જાય છે. એ નદીમાં સ્રી અને લક્ષ્મી રૂપી શિલા ઉપર મોહ અને લોભ રૂપી શેવાળ વળગેલી છે. તેથી મન રૂપી પગ તે

પર ન ટકતાં લપસી પડે છે. (આ રૂપક જેને પુર જોશમાં વહેતી નદીમાં ઉતરવાનો અનુભવ થયો હશે તેને બરાબર સમજાશે.) એ પ્રમાણે મોહ અને લોભ આપણને ડુબાડે છે. મનને જે મોહ થયો છે, તે મોહને નીવારવો જોઇએ અને એટલા વાસ્તે હે વ્હાલા ધર્મવીર તારે આત્મસંયમ અથવા મનઃસંયમ અથવા મન મારવાના ગુણને સંપાદન કરવો જોઇએ. જ્યારે એ ગુણ પૂર્ણપણે તને પ્રાત્પ થયો ત્યારે સોએ નવાણું ટકા ધર્મ વિષયમાં તને મળી ચૂક્યા એમ સમજ. અને તે માટે તારેજ તારા ગુરૂ થવું જોઇએ; માણસજ માણસનો ગુરૂ થાય તો વહેલો ફુડચો થાય એમાં લેશ માત્ર સંશય નથી. માટે પોતે પોતાના ગુરુ કેવી રીતે થવું તે સંબંધી નીચે અલ્પ સૂચના લખી છે. તે ધ્યાન દઇ વાંચી તે પ્રમાણે વર્તવા વિનયસહ આગ્રહ છે. ધર્મ રૂપ નીસરણીનું ઘણુંજ અગત્યનું અને મુખ્ય પગથીઉં એ આત્મસંયમ છે. માટે તેને પૂર્ણ ચિત્ત મનન કરી તે પ્રમાણે વર્તવું કે જેથી અવશ્ય ફાયદો થાય.

આત્મ સંયમ.

આ આત્મસંયમ રૂપી નાવ અથવા હોડી વડે સંસાર નદી તરાય છે, અને એ નાવના સ્વપરીક્ષા અને જિતેંદ્રિયતા એવાં બે હલેસાં છે કે જેની મદદથી તે હોડી ધારેલે સ્થળે લઇ જવાય છે. માટે આપણી ઇંદ્રિયોને જે ખરાબ ટેવો પ્રાપ્ત થઈ છે તે શોધી કાઢીં તેને છોડવી જોઇએ. હવે એ ખરાબ ટેવો કઈ છે તે આપણે જાણવું જોઇએ અને સ્વપરીક્ષા વડે તે ખરાબ ટેવો ઓળખી તેનાથી ઇંદ્રિયને દૂર રાખવા દૃઢતા રાખવી. દાખલા તરીકે જાણે જીભને સ્વાદિષ્ટ જમવાની ટેવ પડી છે; અને તેથી આપણો

ઘણો વખત એવી રસોઈની ખટપટમાં જાય છે અને તેથી આપણે કેવળ જીભને વશ થઈ રહ્યા છીએ. જરા કોઇ લેહજતદાર સુગંધ તળ્યા તમતમા પદાર્થની નાકને લાગે છે. અથવા તો કોઇ પહેલાં ખાધેલી સ્વાદિષ્ટ ચીજ યાદ આવે છે અથવા તો કોઈ રસોઇનું વખાણ થાય છે, ત્યારે તે ખાવાને મન થાય છે અથવા જીભપર પાણી આવે છે. અને તેને વાસ્તે વખત, પૈસા, મહેનત અને પરમશાંતિ ગુમાવીએ છીએ. હવે સમજવાનું એમ છે કે ભુખની શાંતિ તેથી પણ થાય છે, અને કેવળ સાદા અને સાત્વિક ખોરાકથી પણ થાય છે. સાદો ખોરાક ઓછી મહેનતે મળે છે અને તેથી મનોવૃતિ સ્થિર રહી ધર્મ વિચારનું સ્ફુરણ થાય છે, અને સ્વાદિષ્ઠ ખોરાક ઘણા ખર્ચથી મળવા છતાં તૃષ્ણા, ક્રોધ, કામ વગેરે અનિષ્ટ આપત્તિઓમાં વધારો કરે છે. ત્યારે સુખકર એવા સાત્વિક ખોરાકને શા માટે ન સેવવો. તેનેજ સેવવો, નક્કી સેવવો, એવો મજબુત વિચાર કરવો અને હરગીઝ તેને ન છોડવો, હર હમેશ તેને વળગી રહેવું. આમ થવાથી જીતેંદ્રિયતા મેળવી શકશે. અને હરકોઇ રીતે અનિષ્ટ ઇચ્છા થાય તો તેનું ખંડન કરવું. અને સત્ય વિચારનું સ્થાપન કરવાની ટેવ રાખવી. તે આવી રીતે. લાલચ આવી એમ કહે કે,

પ્ર૦—ત્યારે શું આ બધી સ્વાદિષ્ઠ વસ્તુઓ નકામીજ સરજી હશે?

ઊ૦—નકામી કેમ કહેવાય; એતો માણસની પરીક્ષાને માટે સરજી છે કે કયો માણુસ નખરાંખોર અને અતિ હાવભાવવાળી કામિનીથી પણ ચલિત ન થાય એવો છે. જ્યારે સ્વાદને જીત્યો ત્યારે પછી તે કામનાને જીતવા યોગ્ય ગણાય.

પ્ર૦—૧ ત્યારે શું આ બધા ખાય છે તે ગાંડા ને તમે નહિ

ખાનારાજ ડાહ્યા કે? ૨ મળે ત્યારે ખાય કની? ૩ એ તો આળસુના લક્ષણ ?

ઉ૦—૧. ઇંદ્રિયજીત થવું એ કંઇ સહેલું સુતરૂં નથી તો. તમારામાં એવી દ્રઢતા હોય ત્યારે તમે એ ચીજને છોડી શકો કની. ૨. મળે કેમ નહિ. સઉને મળે તો અમને ન મળે. ખાવી હોય તો મળે. પણ કોઇ મફત આપે તો એ અમે તો ન ખાઇએ. તમારી પેઠે એને વશ અમે નથી પણ અમારે વશ એ છે. શક્તિ હોય તો તમે પણ એને વશ કરો. ને પછી જુઓ જીતેંદ્રિયપણાની મોજને મજા. ૩. આળસુ નથી અમે તો ઉદ્યમી છીએ. તમે એવી નાશવંતને દુ:ખ આપનારી ચીજ માટે ઉદ્યમી છો. ત્યારે હમે પરમશાંતિદાતા અને આવાગમન ટાળનાર ધર્મ માટે ઉદ્યમી છીએ, કહો હજી કંઇ કવું છે?

પ્ર૦—ત્યારે શું તમે એને નહિજ ખાશો ?

ઉ૦—ના ના હમારે તો ધર્મામૃતની ઉત્તમ લહેજત ચાખવી છે. હમારે એવી ક્ષુલ્લક અને પરિણામે દુ:ખદાયી લહેજતમાં ડુબવું નથી તો.

ત્યારે તો તમારી મરજી. એમ કહી લાલચ આપણી પાસેથી સદાને માટે નાશી જાય છે. અને આપણે જીતેંદ્રિય થઇ શકીએ એમાં લેશ માત્ર સંશય નહિ.

'આવી આવી યુક્તિ વડે દુષ્ટ ચીજો તરફ થતું મનનું વલણ તમારે અટકાવવું પડશે. અને જ્યારે તમે નહિજ ડગશો ત્યારે એવી દુષ્ટ વાસના તમને ઉપજશે પણ નહિ. પછી તો તમને એનું સ્મરણ પણ થશે નહિ, આ એક મન મારવાની કુંચી તમને બતાવવામાં

આવી તે વડે તમે હરકોઇ દુર્વ્યસનમાંથી મુકત થઇ શકો છતાં આટલી સૂચના આપવી જરૂરની છે કે દુષ્ટોની સોબત–દુર્વ્યસનીની સોબત, ધર્મના અભ્યાસીને ફસાવી પાડે છે. માટે એવી નીચ સોબતનો સર્વથા ત્યાગ કરવા કાળજી રાખવી અને સત્સંગ માટે હોંસ રાખવી. સત્સંગનો મહિમા ઓર છે. નીચેના શ્લોકમાં સત્સંગનો ફાયદો વર્ણવ્યો છેઃ—

दूरी करोति कुमतिं विमली करोति
चेतश्चिरन्तमनघं चुलुकी करोति ।
भूतेषु किं च करुणां बहुली करोति
सङ्गः सतां किमु न मंगलमातनोति ॥ १ ॥

ભાવાર્થઃ—

કુબુદ્ધિને મટાડી સદ્‌બુદ્ધિ સ્થાપે છે,
મનનું પાપ ધોઇ તેને વિશુદ્ધ કરે છે;
પ્રાણીમાત્ર ઉપર દયાભાવ ઉત્પન્ન કરાવે છે,
કયું કલ્યાણકારક કામ સત્પુરુષના સંગથી નથી થતું.
મતલબકે બધાંજ શુભ કામો સત્સંગથી થાય છે

પ્રથમ તો જ્યારે તમે કોઇ એક ખરાબ ટેવ છોડવા તૈયાર થશો ત્યારે વારંવાર તમને તે તમારા નિશ્ચયથી ફેરવવાને યત્ન કરશે. એ વૃત્તિઓ થવાનું કારણ કે તમે ઘણાં લાંબા કાળ સુધી તેનો ભોગવટો કર્યોછે. અને જ્યારે હરકોઇ પણ તેના ફંદાથી તમે નહિજ ડગશો ત્યારે તે એમ સમજશે કે આ તો હવે ફસાય એમ નથી ત્યારે તે સદાને માટે તમારી પાસેથી પલાયન કરી જશે. અને તમારામાં તેની જગ્યાએ સદ્‌ભાવનાનું સ્થાપન થશે અને પાછલી દુર્વા-

સના તમને યાદ પણ આવશે નહિ. દાખલા તરીકે તમને બીડી પીવાનું દુર્વ્યસન છે. જે અત્યંત ગરમ હોઇ મગજને અને-હૃદયને બગાડે છે. અને સ્થિરતાનો નાશ કરી કેવળ ચંચળતા વશ બનાવે છે. હવે મનોનિગ્રહવડે તમે એની સામા કમર કસી થશો તો છેવટે એના ધુમાડાની જે ગંધ તમોને આનંદ આપતી હતી તે કંટાળો આપતી થશે. અને તેને તમે ધિક્કારશો. અને પછી તમને બીડી પીવાનું મન સરખું પણ થશે નહિ, પણ ઉલટા તમે કોઈ બીડી પીતું હશે ત્યાંથી દૂર ભાગી જશો. ત્યારે ધ્યાનમાં રાખવાની મુદ્દાની વાત એ છે કે કુટેવોને છોડવી અને સુટેવોને સંઘરવી.

હવે સ્વપરીક્ષા અથવા આત્મપરીક્ષા માટે કંઇક કહેવાની જરૂર છે. જેથી જિજ્ઞાસુ અભ્યાસીને આગળ વધવાનું ઘણુજ સહેલું પડે. કોઇ શાંત વખતે એકાંત ઠેકાણે કાંતો સૂતાં સૂતાં કે બેસીને પોતાની

સ્વપરીક્ષા.

આદતો, વર્ત્તણુકો અને પાપ કર્મનો નિષ્પક્ષપાતપણે જાતેજ વિચાર કરવો. અને ફરીથી જે જે નુકસાનકારી આદત, વર્ત્તણુક, કે પાપી કામ પોતાથી થતાં હોય તે ન કરવાનો પકકો ઠરાવ કરવો અને જ્યારે જ્યારે તે તરફ પોતાનું વલણ થાય ત્યારે ત્યારે યાદ રાખવું કે મેં એ કામ ન કરવા નકકી ઠરાવ કર્યો છે. માટે ગમે તેવો લાભ કે લાલચ સામે હશે તો પણ હું તે કરીશ નહિ. આવી રીતથી અને દઢ નિશ્ચયથી ઘણો સુધારો થાય છે. અને તમારી જીંદગી કોઇને નમુનારૂપ થઇ પડે એવી નિર્મળ બનશે. વળી કેટલીકવાર બીજું કોઇ પાસે નથી એમ સમજી પાપકર્મ થાયછે. પરંતુ નકકી સમજવું કે માણુસનો આત્માજ તેના બુરા કર્મનો સાક્ષી છે. અને મુઆ પછી

તેજ તેની સાબીતી આપે છે. માટે કોઇ નથી એમ ધારી જો ખોટું કામ કરવા મન લલચાય તો શિક્ષા કરાવનાર આત્મા પાસેજ છે. અને હુંજ મારી જાતનો સાક્ષી છું એમ ગણી તે કામથી ઉગરવું. ઈશ્વરી ઈનસાફમાં કોઇ કૃત્ય છૂપું રહેવાનું નથી અને ત્યાં સર્વ તમારા વિચારે વિચાર નોંધાયલા છે. અને તેના સાક્ષી પણ ત્યાં નોંધાયલા છે. જેથી ત્યાં તમારૂં કામ છૂપું રહે એમ નથી માટે કદાપિ કાળે પાપકર્મ ન કરવું. જો કરશો તો તમેજ તમારા પગપર કુહાડી મારી ગણાશે. આવી રીતે દરરોજ દશ મિનિટ કે પંદર મિનિટ આત્મપરીક્ષા કરવી અને સવારથી તે સાંજ સુધીના–નિદ્રા સિવાયના બીજા બધા વખતના કૃત્યો તપાસવાં. આવી રીતે આત્મપરીક્ષા ફાયદાકારક છે. માટે તે તરફ અનાદર ન કરવો. પણ હમેશાં તેના વડે પોતાના ગુણ અવગુણ તપાસી સુધરવું.

હવે એ મનઃસંયમની ટેવને મજબુત કરવા માટે હરકોઇ કામ ઉતાવળે કે વગર વિચારે કદી ન કરવું પણ તેના વાજબી ગેરવાજબીપણાનો નિર્ણય કરી પછીજ કરવું. પોતાથી તે બાબતનો નિર્ણય ન થાય તો કોઇ જાણકાર સત્પુરૂષથી તેનો સંશય દૂર કરી પછી તે કામ આરંભવું પણ તેના વાજબીપણાનો નિર્ણય થવા વગર તેમાં એકદમ ઝંપલાવવું નહિ.

વળી મનઃસ્થિરતા અથવા એકાગ્રતા પ્રાપ્ત કરવા સારૂ દરરોજ નાહી ધોઇને એકાંત જગ્યાએ બેસી મનને બહાર રખડતું અટકાવવાની અથવા શાંત રીતે અંતરમાં સ્થિર રહેવાની ટેવ પાડવી. જો એકવાર મન છટકી જાય તો ફરી તેને પકડી લાવી ઠામ બેસાડવું. આમ દરરોજના મહાવરાથી એકાગ્રતા પ્રાપ્ત થઇ હરકોઇ

બાબતમાં શીલશીલાબંધ વિચાર કરવાની ટેવ પડશે જે પરિણામે ફાયદાકારી થઇ પડે છે.

નિશ્ચય મનજ માણસને તારનાર છે માટે દુષ્ટ કૃતિ કે વિચારમાંથી એને નિવારી સુવિચાર કે સુકૃત્યમાં એને જોડવું. માટે આમ મનને સ્થિરતા પ્રાપ્ત કરાવવાના કામમાં કદી કંટાળવું નહિ પણ ઉલટ, ઉત્સાહ, ઉમંગ અને પ્રેમથી એ કાર્યમાં વારંવાર જોડાવું. નાસીપાસ કે નિરાશ થઇ એ કાર્ય મૂકી દેવું નહિ. મન તમને ગાંઠશે નહિ. ઘણીવાર તમને કંટાળો આવશે, કાયર થશો, પણ નહિ નહિ, સુજ્ઞ બંધુ નહિ નહિ. એ કાર્ય છોડશો નહિ. તો પરિણામે મનવશ થઇ અલભ્ય લાભ દેશે.

આત્મ સંયમ રૂપી ઉત્તમ નાયકની પાછળ બીજા અનેક સદ્ગુણો ચાલ્યા આવે છે. કેમકે ધર્મમાં આગળ વધવાની એ કુંચી છે. સદ્ગુણો પૈકી કોઇને વધતું ઓછું મહત્વ અપાય એમ નથી. સર્વ સદ્ગુણ શાંતિને આપનારા છે. તે બાબતમાં એમ સમજવું જે એક જુદી જુદી જાતના ફૂલનો હાર તે સર્વ ફુલો અને સૂતરના એકઠા મલવાથી પરમ શોભાને આપે છે. પરંતુ એકલું સુતર કે ફુલ તેવી શોભા આપી શકે નહિં તેમજ સર્વ સદ્ગુણ શરીરને વિષે વસવાથી તે ઉત્તમ આનંદનું ધામ બને છે.

પ્રમાણિકતા.

હવે પ્રમાણિકપણા વિષે કહેવામાં આવે છે. પ્રમાણિકપણું એટલે ધંધા રોજગારમાં અને લેવડ દેવડમાં ચોખ્ખો વહેવાર એટલે કોઇનો પૈસો ખાઇ જવા દાનત ન રાખવી તેમ જેનો માંગતો હોય તેને યાદ કરી આપવા કાળજી રાખવી તે પ્રમાણિકપણું કહેવાય. કોઇ અમુક

નિયમ પ્રમાણેજ નફો લેવો એ પ્રમાણિકતા. કોઇ ગફલતીને લુંટી લેવો એ અપ્રમાણિકતા, કોઇ લુચ્ચો માણુસ ઠગવા આવે તો તેથી ઠગાવું નહિ પણ આપણા ઠરાવેલા નિયમ પ્રમાણેજ નફો લઇ વેપાર ચાલુ રાખવો એ પ્રમાણિકતા કહેવાય; જેમ બને તેમ ખરા-ની પાસે રહી ધંધો આદરવા કાળજી રાખવી તે પ્રમાણિકતા. ઠગ-બાજીએ વર્તવાથી વિશ્વાસ ઘટે છે. અને આખરે કોઇ તેના બોલવા પર ભરોંસો કરતું નથી. કેમકે તેના બોલવામાં ખરૂં કે ખોટું કંઇ સમજાતું નથી માટે ધંધા રોજગારમાં રહેણીસર રહેવું તે પ્રમાણિકતા.

કેટલીકવાર એવું કહેવામાં આવે છે કે આ જૂઠા સાથમાં શી રીતે પ્રમાણિક રહેવાય. પરતું જે જે મહા પુરૂષો ન્યાયથી ચાલનારા થઇ ગયા છે. તે સરવે એવા સાથમાં રહીનેજ થઇ ગયા છે. માટે એ તો એક બાનું છે. જો મરજી હોય તો પ્રમાણિક રહેવાય. પ્રમાણિકપણાની કસોટી જોવામાં આવે છે. કસોટીમાં પણ જો તે પોતાની પ્રમાણિકતા ન છોડે તો પછી તેનો સંપૂર્ણ વિશ્વાસ લોકોને પડે છે. અને તેનેજ ચહાય છે, અને કામકાજના પ્રસંગોમાં તે તેની સાથેજ જોડાવાને તૈયાર હોય છે.

ગમે એવી લાલચથી પણ ન ઠગાતાં પ્રમાણિક રહેવું એનાથી વધારે રૂડું બીજું શું છે.એવા માણસના અડગપણાનો મહિમા મેરૂથી પણ વધારે છે જ્યારે કેટલાએક માણસો સહેજ સહેજ લાભને વા-સ્તે પોતાનું વેણ વહેતું મૂકે છે ત્યારે જેઓ અગણિત લાભ સામું ન જોતાં માત્ર વાજબીપણાનેજ વળગી રહે છે તેના અવતારને ધન્ય છે. જેઓ અયોગ્ય લાભને વિષ્ઠાની માફક જોઇ તેનાથી દૂર રહે છે તેઓનું મન કેવું શુદ્ધ થતું હશે અને એવી પવિત્રતાથી શી મોજ

અથવા આનંદ મળતો હશે તેની ખબર તેનેજ હોય છે. એની મોજ અને ખુમારીની ખબર ગમે તેમ ગબડનારા ગોળા જેવા માણસને ક્યાંથી હોય ?

વળી 'વાણીયા ચોળે પળીપળી ને રામ ઉઠાવે કુપ્પાં' તેમ તરત લાભ થતો જોઇ માણસ સાચા રાહને છોડી ગેરવાજબી નફો મેળવે છે ને તરતને માટે હરખાય છે. પરંતુ જ્યારે તેનો બદલો કોઇ વખત સામટો મળે છે. એટલે કોઈ અણચિંતવ્યું નુકસાન થાય છે, ત્યારે તેટલોજ નારાજને દિલગીર થાય છે, ત્યારે આવી દિલગીરી અને ખુશાલીના ક્ષણિક પ્રસંગો અનુભવવા તેના કતાં પ્રમાણિકપણે રહી હમેશાં આનંદી રહેવું તેમાં શું ખોટું. મુદ્દો એ છે કે એવી અયોગ્ય લાલચથી કદી ફસાવું નહિ. ખરા પ્રમાણિક માણસ તો ગમે તેમ ઉથલપાથલ થઇ જાય તોપણ પોતાની પ્રમાણિક વર્તણુકને છોડતા નથી, તેઓ બીજાની એકપાઈ પણ અયોગ્ય લેવાને ઇચ્છતા નથી. વળી પ્રમાણિકપણાના એવાં એવાં દૃષ્ટાંત મળી આવે છે કે જે વાંચી આપણે છક થઈ જઇએ. રૂપિયાના કોથળા ને કોથળા મોં આગળ આવી પડેલા પણ તેથી નજર ન બગાડતાં પોતાના પ્રમાણિકપણાને જે વળગી રહ્યા તેની પ્રમાણિકતાના જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. પ્રમાણિકતાના પ્રસંગ કોઇ મોટા અધિકારીઓનેજ જાળવવાના હોય છે એમ નહિ. એક સાધારણ માણસને પણ દરરોજ એવા ઘણા પ્રસંગ પડે છે કે જેમાં તેણે પ્રમાણિક રહેવું જોઇએ. આ નાશવંત દુનિઆના અલ્પ સુખને સારૂં અપ્રમાણિક થઈ પેલી દુનિયાના ઉત્તમ ને સદા કાયમ રહે એવા શાશ્વત સુખને ગુમાવવું ન જોઇએ.

પ્રમાણિકપણાની પરીક્ષાને માટે કેટલીકવાર મોટી મોટી લાલચો બતાવવામાં આવે છે. તે વખતે સાવધ રહેવું જોઇએ. અપ્રમાણિક ઠગવા માગે તો તેની કપટ જાળમાં ન ફસાતાં **सत्यमेव जयति** સત્યજ જીતે છે એવો દૃઢ નિશ્ચય રાખી પોતાના પ્રમાણિકપણાને ડાઘ લાગવા ન દેવો. અરસ્પરસની લેવડ દેવડના વ્યવહારરૂપી વનમાં પ્રમાણિકપણાના નિર્ભય માર્ગે મુસાફરી કરવાથી કોઇ ભોમી-આના ઓશિયાળા થવાની જરૂર રહેતી નથી. તેમજ ખુશામતરૂપી રાક્ષસીનો કશો ભય રહેતો નથી. તેમ તેવા માણસને તંગી પણ પડતી નથી. તેને ધીરનારા પણ ઘણા મળે છે. કેમકે તેની પ્રમાણિકતા માટે લોકોને વિશ્વાસ પડયો છે. પ્રમાણિકપણું એ માણસનો મહા સદ્ગુણ છે. આ સંસારમાં નિર્વિઘ્ને રાખનાર તે એક રખેવાળ છે. આફતોને હઠાવનાર તે એક મહા ઓસડ છે. ને શાંતિને વર-સાવનાર તે વરસાદ છે. એમાં લેશમાત્ર સંશય નથી. માટે અનેક દુઃખો પડે તો પણ પ્રમાણિકપણું છોડવું નહિ. પ્રમાણિકતાવડે તો વેપારરોજગાર અને ધીરધાર સર્વ ટકી રહેલાં છે. પરંતુ ઉત્તમ પ્ર-માણિક થવું અને કદાપિકાળે—ગમે તેમ થાય તો પણ સાચા રસ્તાને છોડવો નહિ એવા દૃઢ ઠરાવથી પ્રમાણિકપણાને વળગી રહેવાય ત્યારે ધર્મ પાળ્યો એમ કહેવાય. અને ધર્મને અર્થે જ્યારે સર્વ અધર્મ ત-રફ વિષ્ઠાની માફક જોવાય ત્યારેજ ધર્મનું બળ મનુષ્યમાં પ્રકાશે છે.

કેટલાક માણસો ખાધાની લાલચે અથવા પૈસાની લાલચે અથવા વ્યભિચાર માટે અથવા કોઇના પણ ડરથી અથવા કૃપા મે-ળવવાને પરમધર્મ પ્રમાણિકપણાને છોડતા જણાય છે. હવે તેઓને પ્રમાણિકપણાનું બળ ક્યાંથી જણાય. અથવા તેનું દૈવી તેજ તેના

મુખપર ક્યાંથી હોય. માટે જેમ બને તેમ પોતે પ્રમાણિક રહેવાનો દૃઢ ઠરાવ કરી તે પ્રમાણે વ્યવહારમાં રોજના કામકાજમાં ધાર્મિક માણસે વર્તવું જોઇએ

વેપાર રોજગારમાં પણ રૂપીએ કેટલી આની નફાથી વેપાર કરવો તે ઠરાવી તે પ્રમાણે વર્તવાથી પ્રમાણિકપણું સચવાય છે. આવા અલૌકિક નિર્ભયતાના દાતાર પ્રમાણિકતાના ધર્મને દરેક સ્ત્રી પુરૂષે મહાયત્નથી સેવવો. કે ઉત્તમોત્તમ ફલ પ્રાપ્ત થાય. હવે મહાસમર્થ ધૈર્યને વિષે કહેવાય છે.

ધૈર્ય.

માણસને જન્મથી તે મરણ સુધીમાં સઘળો વખત કંઈ સુખમાં જતો નથી. એક આખો કલાક તો શું પણ એક ઘડી પણ કેવળ સુખની જવી મુશીબત તો પછી આખી જીંદગી તો દુઃખ રહિત ક્યાંથી વીતે. ત્યારે દુઃખના દરેક પ્રસંગે હિંમત ન હારતાં મનનો ભલે જે થવાનું હશે તે થશે પણ હું તો ધર્મને છોડીશજ નહિ આવો પકડો જે ઠરાવ અને કદી ડગે નહિ એવી જે દૃઢતા તે ધૈર્ય કહેવાય. ધર્મને ખાતર ધૈર્યની ઘણીજ જરૂર છે. ધર્મ પાળવાને માટે અનેક આફતમાંથી પસાર થવાની જરૂર પડે છે. તેવે વખતે જો ધૈર્ય રૂપી જોરાવર મદદગાર ન હોય તો અધર્મ કરવામાં મનનું વલણ થાય અને કંઇક આગળ વધવાને બદલે ઉલટા નીચ રસ્તામાં પડી મલિન થઇએ. એવે વખતે ધૈર્યની પૂરેપૂરી જરૂર છે. અને જ્યારે એવે વખતે ધૈર્યથી ટકી રહી અધર્મને હઠાવીએ છિયે ત્યારે પળાતા ધર્મના તેજ વડે ધૈર્યની મહત્તા સમજાય છે. અરે, ધૈર્ય એતો સંસાર પ્રદેશમાં મુસાફરી કરતાં, દુઃખરૂપી તડકાથી બચાવનાર સઘન છાયાવાળું ગંભીર વૃક્ષ છે. જેના શિતળ આશ્રયવડે અનેક દુઃખરૂપી

મહા ઉષ્ણતાને નિવારી શકાય છે. પ્રતાપી ધૈર્યનો એવો તો પ્રભાવ છે કે તેના વડે સાધારણ માણસો જેને મહાદુઃખ ગણે છે તે દુઃખની અસર ધૈર્યવાળાને લગારે થતી નથી. ધૈર્ય એ હરકોઇ સંકટને હઠાવનાર વિજયાસ્ત્ર[1] છે. સંસાર સાગરના દુઃખરૂપી જળમાંથી પાર લઇ જનાર તારો[2] છે. દુઃખને વખતે ધૈર્ય રૂપી ખીલાવડે મનને અંતઃકરણ સાથે જડી મેરૂ જેવા અડગ થઈ ધારેલા સત્ય વિચારને કદી ન છોડવો, અહા! ધૈર્યના વિજય જુઓ—હરિશ્ચંદ્રનો ટેક શાથી ટકયો ? નળ, રામ, યુધિષ્ઠિરનું ધર્મવૃત્ત શાથી સચવાયું ? અને છેવટે દુઃખનું દળન[3] કરી સુખનો આપનાર કયો સદ્દગુણ હતો ? એ તો પરમ વિજયી એવા ધૈર્ય મહાસદ્દગુણના સુખદાયી ફળ જાણવાં, એ તો દુઃખરૂપી દુશ્મનને મારી હઠાવનાર શૂરો સામંત છે, ધૈર્ય વડે તરવાને અશકય એવી મહા આપત્તિને પણ તરાય છે. ધર્મરૂપી પરાક્રમી સુભટનું[4] ધૈર્યએ વિજયનિશાન[5] છે. ધૈર્ય હોય તો ગમે એવું આકરૂં દુઃખ પણ દિલગીર કરી શકતું નથી. ધૈર્ય વડે સર્વ શત્રુઓ અને લુચ્ચાઓ હાર પામી જાય છે એ અનુભવસિદ્ધ છે. ધર્મરૂપ પરમઇષ્ટ પદાર્થના આવા પરમ સહાયક ધૈર્યનો અનાદર કરી બુદ્ધિની મંદતા દાખવવી નહિ; પરંતુ તેને આદર આપી પાળીને પોતાનો ધર્મ પ્રત્યેનો પ્રેમ બતાવવો એ સદ્દગુણી અને મુમુક્ષુનું ભૂષણ છે. સર્વ સદ્દગુણોને કષ્ટ સહન કરતે થકે પણ સંઘરવા એ પોતાનું કલ્યાણ ઈચ્છનાર મુમુક્ષુને ઘણું છાજતું છે. ક્ષણભંગુર અને કેવળ નિરાશા અને દીલ-

---

* દૂર કરાય છે. ૧ જીત આપનાર હથીયાર. ૨ જે તરવામાં પ્રવીણ હોય છે તે તારો કહેવાય છે. ૩ નાશ. ૪ યોદ્ધો કે લડવૈયો. ૫ જીત થશેજ એમ જણાવનારી ધજા.

ગીરીને આપનારા સંસારના પદાર્થોમાં, અનેકવાર તેનાં બુરાં ફળ મળતાં જણાવા છતાં, આસક્તિ રાખવી એ ડાહ્યા માણસનું નહિ, પણ મૂર્ખનું કામ છે. જે રસ્તે જવાથી દુઃખ પામ્યા તે રસ્તે ફરીને જનાર અણઘડ મનુષ્ય પોતાની ઇંદ્રિય જીતવાની નિર્બળતા બતાવે છે. અથવા અયોગ્ય વિષયોમાં પોતે સપડાઇ ગયો છે તેમાંથી કેમે કરી છૂટાતું નથી એમ કહી પોતાની પરવશતા[1] બતાવે છે.

ધૈર્ય એ આત્મ સંયમનો સાથીજ છે. અથવા દૃઢતાનું ઉત્તમોત્તમ મહાપરોપકારી અને શ્રેયદાતા[2] ભવ્ય[3] રૂપ છે.

કેટલાક એવા એવા મહાત્મા થઇ ગયા છે કે ધૈર્ય પાલવામાં તેઓની સ્થિરતા જોઇ આશ્ચર્યમાં ગરકાવ થઇ જવાય.

એક રાજા કહે છે કેઃ—

હાલને હાલ કદાચ મારા મસ્તક ઉપર તરવારની ધારા તૂટી પડે મતલબ કે મારૂં મસ્તક છેદન ભલે થાય તોપણ ધર્મના રસ્તાથી એક રતિ પણ બહાર હું કદી વર્તીશ નહિ. આહાહાહા ! ! ! શું ધર્મ પ્રત્યેનો અપૂર્વ પ્યાર. ધર્મ ઉપરના એવા શ્રેષ્ઠપ્યાર વિના સંસારને તરવારની આશા રાખવી એ મૃગજળ માફક મિથ્યા તૃષ્ણાજ છે.

સંસારી માણસો જેને મહા સુખો અને મોજ ગણે છે તેની જ્યારે પરમ ઉદાર દિલથી સંતોષ રૂપ અગ્નિમાં આહુતિ અપાય ત્યારે કષ્ટ સાધ્ય એવો ધર્મ ફલિભૂત થાય છે.

ધૈર્યનું ઉત્તમ સ્વરૂપ આ નીચેના શ્લોકમાં મહાત્મા ભર્તૃહરિ કહે છેઃ—

---

૧ તાબેદારી. ૨ કલ્યાણ આપનાર. ૩ સુંદર, શોભાયમાન.

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मी समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

ભાવાર્થઃ-

વ્યવહાર નીતિમાં હુશિયાર માણસ નિંદે કે વખાણે
લક્ષ્મી આવે જાય કે તેનું ધાર્યું કરે;
મરણ હાલજ થાય અથવા તો યુગ પછી થાય;
પણ, ધૈર્યવાળા પુરૂષ ધર્મ માર્ગને કદી ન છોડે.

જ્યારે જ્યારે ધર્મ માર્ગે ચાલતાં દુ:ખમાં આવી પડાય ત્યારે આવા આવા સંતોની વાણીરૂપી સુધા[1] પીને ધૈર્ય રાખવું. પણ અધર્મમાં મનનું વલણ કદી ન કરવું. જો તેમ થાય તો મહાકષ્ટે સાધેલું ધર્મવૃત્ત ગુમાવ્યા જેવું થાય માટે ધૈર્ય વડે ધર્મને ધરો.

આશ્ચર્ય તો એટલા માટે થાય છે કે માયિક અને ક્ષણિક સુખોને સારૂં જ્યારે ભૂખ, તરસ, ટાઢ, તડકો, ઊંઘ વગેરે છોડવાને માણસ રાજી હોય છે ત્યારે પરમ ઐશ્વર્ય અને શક્તિ તથા શાંતિના દાતાર ધર્મ માટે તે એ વિષયો છોડવાને તૈયાર નથી. અહાહાહા ! કેવી મોટી ભૂલ કે સુધાને છાંડી વિષને[2] વળગે છે. તેને પોતાની ભૂલ કેમ દેખાતી નથી? તેનું કારણ ધર્મપાલનથી મળતાં સુખો વિષે તે કેવળ અજ્ઞાન છે. અને તેને હજી નાશવંત પદાર્થમાંજ આસક્તિ છે. તે ઇજ્જત અને લાજનેજ માટે મથવાનું પસંદ કરે છે કે જે તેને કશું કામનું નથી પણ ઉલટું મુઆ પછી

---

૧ અમૃત. ૨ ઝેર.

નીચી ગતિને આપનારૂં છે. તેને હજી ખબર નથી કે આ નીચ પદાર્થોની આસક્તિ જો છોડાય અને ધર્મ જો પળાય તો એ માયિક સુખો જે મુઆ પછી અહીંજ રહે છે અને ધર્મ જે સાથે આવે છે અને ઊંચગતિને આપે છે તેને પમાય. આવો સંસારના પદાર્થમાંથી આસક્તિ ઉઠાવનારો બોધ ધર્મના ગ્રંથો ખૂબ વાંચવા વગર કદી ન થાય તેમ કોઇ દયાળુ સદ્ગુરૂ માટેની તીવ્ર ઇચ્છા હોય તો તે દ્વારા પણ બોધ મળી શકે. પરંતુ એ સર્વ પુરુષાર્થને આધીન છે એમાં શક નહિ. ધર્મગ્રંથોનું વાચન વધારી તેમાંથી બોધ ગ્રહણ કરવા ઇચ્છા રાખવી કે કોઇ કાળે ઊત્તમ વૈરાગ્ય ઉપજી પરમપદાર્થની પ્રાપ્તિ થાય અને મિથ્યા ચીજમાંથી મોહ ઓછો કરતાં રહેવાને જ્ઞાનમાર્ગ ધારતા રહેવું, અથવા જ્ઞાનરૂપી સાણસીએ મિથ્યા પદાર્થમાં થએલી આસક્તિને પકડી ખેંચી કાઢી દૂર ફેંકી સત્ય ચીજમાં આસક્તિ કરવી. જેથી કલ્યાણ થાય, માટે પોતાનું ભલું ઇચ્છનારા મનુષ્યે જ્ઞાનવડે મિથ્યા સુખોની લાલચને છાંડી ધૈર્ય વડે પરમ સુખદાતા સત્ય સ્વરૂપમાં પોતાની સ્થિતિ કરવી. કે જેથી સઘળા પ્રકારના દુઃખોનો અંત આવી જાય. ધર્મ વિષયમાં વૃત્તિ સ્થિર રહેવાને આ ધૈર્યરૂપ ભોમીઓ બતાવ્યો છે તે વડે નિર્ભયપણે ધર્મ માર્ગમાં જીજ્ઞાસુજન વિચરે[1] એવી શુભ ઇચ્છા છે. ધૈર્ય એ આગળ વધવાનું તેનું એક સમર્થ સાધન છે.

મોહ

હવે મોહ કે જે મનુષ્યને ગંધાતી અનિષ્ટકારી[2] ખાડમાં બળાત્કારે ફેંકી મારે છે તેને વિષે કહીએ. અસત્ય અથવા નાશવંત ચીજોમાં થએલો મોહ નીચગતિ આપે છે અને સત્ય ચીજમાં થએલો મોહ ઉચ્ચગતિ આપે છે. પરંતુ ઘણે ભાગે સંસારના માણસોનું

૧ ફરે. ૨ નુકસાનકર્તા.

વલણુ મિથ્યા પદાર્થમાં છે. તેથી સારાસાર અથવા લાભનુકસાનનો વિચાર ન કરતાં કોઈ ચીજમાં વળગી રહેવું અથવા તેનો ઉપભોગ કરવો અથવા તે ન મળે તો તેને માટે દુઃખ માનવું એ સર્વ મોહને લીધે છે.

શ્રીકૃષ્ણ દેવ ગીતામાં કહે છે કેઃ—

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।

यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ (अ. २-६८)

ભાવાર્થ:—

જે નાશવંત પદાર્થોની પ્રાપ્તિ માટે, સાધારણુ માણુસો, અતિ આકલાને અધીરા થઇ ધમચકડ મચાવી રહ્યા છે; અને જેના મળવા, ન મળવાથી ભારે હર્ષ યા શોકનો અનુભવ કરી રહ્યા છે. તેવા પદાર્થોની પ્રાપ્તિ માટે, ઉધમ કરતો છતાં, સંયમી-જ્ઞાની માણુસ બેદરકાર છે. આસક્તિ રહીત હોવાથી તેવા પદાર્થોની પ્રાપ્તિ, અપ્રાપ્તિમાં તેને હર્ષ શોક થતા નથી. કારણુ કે એવા પદાર્થોમાંથી તેણે મોહ ઉડાવી લીધો છે.

આવી રીતે મોહને નિવારવા સિવાય તે મિથ્યા ચીજમાંથી મન વળે નહીં માટે વિવેકવડે એવો મોહ દૂર કરવો. એક દૃષ્ટાંત લઇએ કે એક સ્રીને વિષે મોહ થયો. અને તેથી તેને ભોગવવાની ઈચ્છા થઇ તો તે માટે તેનો પતિ અથવા સગાંવહાલાં જાણુશે તો મને વખતે માર પડશે અથવા દુનિઆમાં મારી ઈજ્જતને બટ્ટા લાગશે આવા વિચારથી તે સ્રીમાંથી પોતાના મનને તાણી લેવાય. પરંતુ એ જ્ઞાનમાર્ગ ન કહેવાય એતો વ્યવહારમાર્ગે ડરથી મનની ઈચ્છા છતાં કામમાં ન જોડાયા એથી મોહ તો રહ્યોજ એટલે જો ડર ન હોય તો વ્યભિચાર કરવાની ઇચ્છા મનમાં રહી. જ્ઞાનમાર્ગે મોહ દૂર થાય તે પ્રકાર બહુજ સારો છે. ત્યાંતો મનની કામીવૃત્તિનુંજ સમાધાન થઇ તે વૃત્તિજ અદૃશ્ય[1]

---

૧ જતી રહે છે.

થઈ જાય છે, તે એવી રીતે કે જેવી મારી સ્ત્રી છે તેવીજ એ છે. હાડ, માંસ, રૂધિરનું એ પિંજર છે. તેવુંજ તે પણ છે. માર્ગ પણ એકજ છે. તેમાં ને એમાં આત્મા પણ એકજ છે તો પછી એ કેમ વધારે ગમે છે? હા હા બરોબર છે. તેતો શ્યામ[1] છે. ને આતો શ્વેત[2] છે. તેથી પણ ના ના સંભોગ સુખ તો બન્નેમાં એકસરખુંજ મળે છે. અથવા કામની તૃપ્તિ તો બેઉથીજ થાય છે. માટે એ રૂપ વિષે મારો મોહ છે. તે દુર થવો જોઈએ. પણ રૂપ શું? રૂપ ક્યું કાયમ છે, શ્યામનો પણ નાશ ને શ્વેતનો પણ નાશ. માટે મારી જે કામીવૃત્તિ થાય છે તે મારા મનની ભ્રમણાને લીધે છે. તેને મોહ થયો છે. માટે તે આમ એકનો પક્ષને એકનો અનાદર ઇચ્છે છે. નહિતો વળી તે એ સ્ત્રીને એએ સ્ત્રી તેમાં વળી આ વધારે વહાલી શું ને તે અળખામણી શું. માટે મારે એ સ્ત્રીમાંથી વૃત્તિનિવારી મારી સ્ત્રીથીજ સંતોષ માનવો જોઈએ. ને હવે હું એવી પરસ્ત્રી પ્રતિદોષદૃષ્ટિ ન કરવા સપથ[3] લઉં છુ. અથવા નિર્ણય[4] કરૂં છું. વળી એથી આગળ વધી બ્રહ્મચારી અથવા સંન્યાસી મોહને તદ્દન નિવારણ કરે તે એમકે મારૂં શરીરને સ્ત્રીનું શરીર એકજ જાતના પદાર્થોનું છે છતાં આમ મનને તેના પ્રત્યે જે આસક્તિ થાય છે તે માયાના ખેલ છે. માયા મારા આત્મસ્વરૂપથી વધારે ભુલો પાડવા અથવા દુર લઇ જવા આવાં આવાં રૂપોથી મારી પરીક્ષા કરે છે. માટે તેથી મારે છેતરાવું ન જોઇએ. પછી તે એમ ઇચ્છે કે એ શરીરને આ શરીરમાં કંઇ ભેદ નથી માટે તેને વિષે આમ મોહનું કશું કારણ નથી. એમ કહી મનને વાળી લે છે. આવા ઘણા અનુભવથી તે તદ્દન

---

૧ કાળી. ૨ ધોળી. ૩ સોગન. ૪ નક્કી ઠરાવ.

નિર્વિકારી થઈ જાય છે. અને ગમે તેવી રૂપવાન સ્ત્રી જોતાં તેનામાં મોહ તેને થતો નથી. અને કદાચ વૃત્તિ ઉદ્ભવે [1] તો પ્રથમ કહિ તે રીતે સંતોષે અને ધારે કે એક આત્માજ એ અને હું આદિ અનેકનું ઉત્પત્તિસ્થાન છે. તો એ પણ મારે વિષેજ છે તો પછી મોહ શો ! પોતાને પોતા વિષે મોહ સંભવે નહિ. માટે એ રીતે મોહનું ખંડન કરી તે પરમસ્વરૂપવાન આત્મામાં પ્રીતિ આદરે છે. આવી રીતે હર-કોઇ અયોગ્ય વસ્તુમાં ઘણા લાંબા કાળના અભ્યાસથી જે મોહ થયો છે તેને દુર કરવો. મોહરૂપી મહાસન્નિપાતનું વિવેક એ આબાદ ઔ-ષધ [2] છે. વિવેક તે કંઈ કોઈને આવકાર કે માન આપવામાં આવે છે તે નહિ, પરતું વિવેક એટલે સત્ય અસત્ય ચીજને ઓળખવાની જે સદ્બુદ્ધિ તે વિવેક કહેવાય અને એવી પવિત્ર સત્યજ્ઞાન ઉત્પન્ન કરનાર બુદ્ધિ જ્યારે મનઅતિ નિર્મળ [3] થાય છે ત્યારે પ્રગટે છે. અને મનની નિર્મળતા પાપી વિચાર ન કરવાથી પ્રાપ્ત થાય છે. કહ્યું છે કેઃ—

सत्संगश्च विवेकश्च निश्चल नयन द्वयम
यस्य नास्ति सोऽधः कथं न अमार्ग स्यात् ।

ભાવર્થઃ—જેને સત્સંગ અને વિવેક રૂપી બે આંખ નથી તે આંખ વિનાનું આંધળું માણસ ખોટે રસ્તે ભમી કેમ ન દુઃખી થાય.

માટે હરકોઈ ચીજ તરફ મન વધારે ખેંચાય તો જાણવું કે અહિંઆ વિવેક વડે જોવાની જરૂર છે. કે એ તરફ મોહ થવાનું શું કારણ, એ મોહ થાય છે તે અધમ દશા આપે એવો તો નથી, જો તેવો માલમ પડે તો તો તે વસ્તુ વિષે મોહ કદી ન કરવો અને તેને તજવી. પણ જે વસ્તુના સેવનથી કોઇ ઉત્તમ ફળ પ્રાપ્ત

૧ થઈ આવે. ૨ ઓસડ. ૩ પાપ વગરનું.

થવાનું હોય તેને અનુભવવી. છેવટે એકજ ચીજ સત્ય છે અને તે આત્મા છે. એમ જ્યારે નિર્ણય થશે ત્યારે સર્વ દુઃખનો અંત આવી જશે અને આનંદ આનંદ થઈ રહેશે. સર્વ સંસાર તાપને વિદારનાર[1] આત્મ સ્વરૂપનું જ્યારે જ્ઞાન થશે ત્યારેજ સકળ ક્લેશનું નિવારણ[2] થશે; તે સિવાય નહિ. મોહનું ખરૂં સ્વરૂપ સમજવાથી સઘળા દુઃખોનો નાશ થઈ જાય છે. માટે જ્યાં મોહ થાય કે તરત વૃત્તિ વાળવીને ઠરેલ ચિત્તે વિચારવું કે આ મોહ કેવો ?

મોહ દુઃખ કર્ત્તા છે તે એવી રીતે કે મોહથી પદાર્થમાં પ્રીતિ થાય છે. તે ભોગવાય છે, અને જ્યારે તેનો વિયોગ થાય છે. ત્યારે કેવળ ક્લેશને દુઃખ થાય છે. આમ મોહ માણસને દુઃખ ઉત્પન્ન કર્ત્તા છે. માટે હરકોઈ ચીજ વિષે અતિ મોહ કદી ન આદરવો પરંતુ સામાન્ય વૃત્તિ રાખવી કે મળે તો એ ઠીક ને ન મળે તો એ ઠીક, મતલબ એ કે ન મળે તો તે માટે લાગણી યા દુખાવો અંતકરણમાં બીલકુલજ ન થવો જોઈએ. તેજ ખરી શાંતિની અવસ્થા કહેવાય. મોહનો ક્યાં પાર આવ્યો છે ! શ્રીમંતો દિનપર દિન એક સુખ અનુભવી બીજા માટે ઈચ્છા કરે છે. તે અનુભવી ત્રીજા માટે એમ નિરંતર મોહવશ થઈ અશાંતતાને વહોરતા જણાય છે. અને એમ તૃપ્તિ ન થતાં છેવટે મરણ વખત પણ કંઈ ઈચ્છા રહી જવાથી પુનર્જન્મ રૂપી દુઃખને વહોરી લેછે. ત્યારે એ અપાર મોહ વડેતો પુનર્જન્મરૂપી રેંટ માળમાં ભ્રમણ થાયછે. અને અનેક દુઃખ આવી પડે છે. માટે વિવેકરૂપી સોયા વડે મોહરૂપી ગાંઠને છોડી નાંખો કે જેથી તમે સ્વતંત્ર રીતે ફરતા થઈ સત્ય ચીજમાં તમારો વિશ્રામ થાય. મોહરૂપી મૃગજળ

---

૧ દૂર કરનાર, મટાડનાર. ૨ નાશ પામશે.

મનુષ્યરૂપી હરિણને છેતરી છેતરીને બહુ મથાવે છે. પણ સંસારના ભોગરૂપી પિપાશાને[1] વશ થયેલ તે સમજતો નથી કે મોહ મને આમ મરજી માફક નચાવી મારી મશ્કરી કરે છે અને હસે છે કે હું એવો તો જોરાવર છું કે કોઈ દિવસ તને સુખે બેસવા દેવાનો નથી. માટે મોહ તમને હસે નહિ એમ કરો, અને જ્ઞાનરૂપી ઔષધ વડે મોહરૂપી રોગને નિવારો. મોહના નિવારણથી મોક્ષની સામગ્રી થઇ ચૂકી એમ જાણવું. મોક્ષ તે શું! મોક્ષ તે એજ કે કોઇ પણ ચીજ ન મળવાથી દીલગીર ન થવું તેમ કોઈ ચીજ મળવાથી છલકાવું નહીં. પણ સાધારણ શાંતાવસ્થામાં રહેવું તે મોક્ષ. મોક્ષ એટલે છૂટવું. શામાંથી છૂટવું? શાના બંધનમાંથી છુંટવું? તો કે વિષયોરૂપી પદાર્થમાં મોહરૂપી દોરીવડે મન બંધાયું છે. માટે એ મોહને દૂર કરવો તેજ મોક્ષ, ભર્તૃહરિ જ્ઞાનમાર્ગે સમજાવે છે કેઃ—

વિષયોનો ત્યાગ એક દિવસ બળાત્કારે પણ થવાનોજ છે. તો આજજ તેને ખુશીથી કેમ ન છોડવો. બળાત્કારે છૂટશે (મરણ વખતે) ત્યારે દુઃખ થશે અને પુનર્જન્મરૂપ આપત્તિમાં આવી પડશે. પણ ખુશીથી છોડીશ તો તું સ્વતંત્ર રીતે વર્તી પરમસુખ અને શાંતિ અનુભવીશ.

માટે વિષયના પાશમાંથી છૂટવું તેજ મોક્ષ; વિષયો તમને નચાવે નહિ પણ તમારી ઈચ્છા પ્રમાણેજ વિષયો પાસે રહે એવું જે પુરૂષાર્થ તેજ મોક્ષ. અને મોહનું જ્યારે યથાર્થ જ્ઞાન થાય ત્યારેજ વિષયોનો ત્યાગ થાય માટે મોહ સ્વરૂપ બરાબર સમજો અને મુક્ત થાઓ. માટે મોહને જ્ઞાન વડે જુઓ. મોહનો નાશ કરો તો તમે

---

૧ તરસ.

મુક્તજ છો. ને મોહ વડે જો નાશવંત પદાર્થમાં ડુબ્યા રહો તો તમે બંધાયલા છો. માટે મોહ સમજી મુક્તિનું સુખ અનુભવો.

માયા

જગત્‌માં માયા વ્યાપી રહી છે. મનુષ્ય તેની ભૂલવણીમાં ફસાઇ સુખ દુઃખનો અનુભવ કર્યાં કરે છે. એ માયાના બે મોટાં રૂપો નજરમાં આવે છે તેમાં એકતો સ્ત્રી અને બીજું લક્ષ્મી, (પૈસો). એ બેને વિષેનો મોહ અત્યંત છે, એ એના સપાટામાંથી બચવું મહા મુશીબત છે. મહા મુનિવરો, પરમહંસો, સિધ્ધો અને યોગી રાજો પણ એમાં લપસી પડે છે તો અલ્પજ્ઞ એવા પામરના એની આગળ શા હિસાબ. એવી મહા બળવાન જે માયા તેનું સ્વરૂપ તેના ગુણાવગુણ વિવેક દૃષ્ટિ વડે જોવા. એ માયા મહાધ્યાનીનું ધ્યાન ચૂકાવી નાંખે, એ માયા બ્રહ્મચારીને ભ્રષ્ટ કરે, એ માયા વૈરાગીને સંસારી બનાવે, એ માયા બાવા પાસે બચ્ચાં કરાવે, એ માયા ઘર સંસારનો ત્યાગ કરાવી પછી બૈરી કરાવી ભીખારી અવસ્થામાં દેશપરદેશ રખડાવે એવી મહા સમર્થ છે. અને જે મનુષ્ય એને પૂર્ણપણે પિછાણી એના દુઃખકારી રૂપોને ત્યજે અને સુખકારી રૂપો-માં એના વડે સ્થિતિ કરે તે આ મહા દુસ્તર એવા સંસારને તરી મુક્ત થઇ આખરે પરમશાંતિને પામે છે. એ માયાના આ ઉપર બતાવ્યાં તે બે રૂપો-સ્ત્રી અને લક્ષ્મી વધુ આકર્ષક અને ભાન ભૂલાવી નાખે એવાં છે. એની આગળ સતીઆના સત અને ટેકીના ટેક ચલિત થઈ જાય છે. માટે તે વિષે સત્ય જ્ઞાન ઠસાવી આવશ્ય થવાની જરૂર છે.

એક સ્ત્રીમાંથીજ સર્વ જાળ પથરાય છે. પિતા, પુત્ર, પુત્રી, આદિ અનેક જાળ એમાંથી રચાય છે. અને બંધનકારક થાય છે. આવી અનર્થકારી સ્ત્રીમાં ડુબી જવું એ શું? એમ સમજવું કે એનાથી થતી નીચગતિનું

સ્ત્રી

સંપૂર્ણ જ્ઞાન નથી થયું તેથી એને માણસ ચહાય છે. મુકિત રૂપી પદ્મણીને છોડી, મોહવશ થઇ મનુષ્ય સ્ત્રીરૂપી પાસમાં ફસી પડે છે.

કહ્યું છે કેઃ—

ભાવાર્થઃ—

वसंत तिलका.

मत्तेभकुंभदलने भूवि सान्ति शूराः
केचिद् प्रचण्ड मृगराज वधेपि दक्षाः ।
किन्तु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य
कंदर्पदर्प दलने विरला मनुष्याः ॥

મદમત્ત હસ્તીઓના કુંભસ્થળને તોડી નાંખનારા આ પૃથ્વીમાં છે, વળી
કહીં કહીં મહા જોરાવર સિંહને હણવામાં કુશળ વીર પુરૂષો પણ છે,
પરંતુ હું બળવાનોની આગળ આવીને કહું છું કે,
કામદેવને જીતનારા વીર પુરૂષોનો આ જગત્માં ટોટો છે.

'પરણ્યો પીડાએ મરે ને કુંવારો કોડે મરે' એ ખરૂં કેમ? કે તો એ બન્ને અજ્ઞાન તેથી તેની અવદશા! કુંવારો જો જ્ઞાન પામે તો પરણ્યાથી વધુ સુખી છે. પણ જ્ઞાનના અભાવે તે પોતાને દુઃખી માને છે ત્યારે બીજી બાજુ પરણ્યો માણસ પણ સ્ત્રીમાંથી ઉત્પન્ન થઇ વળગેલાં બાળબચ્ચાં આદિથી થતી વિટંબણાને લીધે પસ્તાય છે કે સ્ત્રીને વરી મેં આશી આપત્તિ વહોરી લીધી છે. છતાં પોતે સંયમી

થઈ શ્રી કૃષ્ણ મહારાજના બોધ પ્રમાણે એ બાબતમાં પણ મધ્યમસર રહેવાનું ભૂલી જાય છે. એ માયાની કેવી પ્રભુતા! કેવું ગૌરવ! કેવું બળ! કેવી ગતિ! બસ માયા તારૂં સામ્રાજ્ય જ્યાંને ત્યાં પ્રચલિત છે. તારા સત્ય સ્વરૂપને જુએ તો તરે અને તારા મલિન સ્વરૂપને જુએ તો ડુબે. માયાના આ બળને જ્ઞાનવડે જાણી એની સત્ય બાજુ તરફ વળવાથી એજ માયા[1] બ્રહ્મ ધામમાં એકાકાર કરી પરમશાંતિ, પરમપદ, મોક્ષ જે કહો તેને પહોંચાડી દે છે. હવે સંસારી કે જે શાસ્ત્ર અનુસાર સ્ત્રીને વરી ગૃહસંસારમાં જોડાયેલ છે તે યથાશક્તિ ધંધો કરતો થકો સંતોષને સેવવાથી શાંતિ મેળવી શકે છે. અલબત, ગૃહસ્થાશ્રમીમાં ઘણી ચાલાકીની જરૂર છે. અને તેમ કર્યા વગર ગૃહસ્થાશ્રમ સુખ આપનાર નીવડી શકતો નથી. સ્ત્રી એ ખુશબોદાર પુષ્પ છે ખરૂં. તો પણ તેનો ઉપયોગ કરવામાં ઘણી બુદ્ધિની જરૂર છે. આ બાબતમાં સમધાત[2] પણ બહુજ સુખપ્રદ નીવડે છે. જો મનુષ્યે પોતાનું ગાડું વ્યવહારમાં ઠીક ઠીક ગબડાવવું હોય તો બધીજ બાબતમાં સમધાત થવું જોઇએ. ભર્તૃહરિ જેવો ઉત્તમ જ્ઞાની પણ અતિ આસક્તિને પરિણામે જ્યારે સ્ત્રીના પાસમાં પટકાતો હવો ત્યારે બીજો કોણ એવો સમર્થ છે? કે જે એનાથી ન છેતરાય. સર્વથા સ્ત્રી માયા જાળનું મહા મોહ ધારી રૂપ એમાં સંશય નહિ. એનામાંથી જેણે પોતાના જીવને વારી લીધો છે

વધુ માટે

ધર્મામૃત-દ્વિતીયબિંદુ વાંચો

(૧) સાધારણ અર્થ લેવો; હેત કે પ્રીત. (૨) વધારે નહિ તેમ ઓછું નહિ પણ સાધારણ.